# પાલનપુર આરટીઓ દ્વારા વાહનચાલકોને ધક્કા ખવડાવતા હોવાની ચર્ચા

## માહિતી અધિનિયમ હેઠળ માંગેલ માહિતી પણ અપૂરતી અપાઈ

પાલનપુર, તા. ૧

પાલનપુર આરટીઓ દ્વારા વાહનધારકોને વાહન પાસીંગ કરાવતી વખતે નંબરપ્લેટ લગાવવા અને આરસીબુક લેવા ધક્કા ખવડાવતા હોવાની ફરિયાદ ઉઠવા પામેલ છે. આ ઉપરાંત આર.ટી.આઈ. એક્ટ હેઠળ પણ અપૂરતી માહિતી આપવામાં આવ્યાનો આક્ષેપ કરાયો છે.

ગુજરાત રાજ્યના આરટીઓ કમીશ્નર દ્વારા ટ્રાન્સપોર્ટ વાહનોની નંબર પ્લેટ તેમજ આરસીબુક રજીસ્ટ્રેશન દિવસે જ આપવાનો હૂકમ વાહનમાલિકો પરેશાન ન થાય તે હેતુસર કરાયેલ છે. આમ છતાં પાલનપુર આરટીઓ દ્વારા વાહન માલિકોને પાસીંગ માટે, નંબર પ્લેટ લગાડવા અને આરસીબુક લેવા એમ ત્રણ ત્રણ ધક્કા ખવડાવવામાં આવતા હોવાનું પ્રકાશમાં આવ્યું છે. આરટીઓ કમિશ્નર ગાંધીનગરના આદેશની ઐસીતૈસી કરીને પ્રજાને હેરાન કરાઈ રહ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ ઉપરાંત માહિતી અધિનિયમ હેઠળ વાવ તાલુકાના વાસરડા ગામના ગણપતસિંગ હેદુજી વાઘેલાએ તા. ૧૪મી ઓગષ્ટે માહિતી માગી હતી. પરંતુ આરટીઓ અધિકારીએ અપુરતી માહિતી આપી હતી જેથી ફરિયાદી તા. ૧૨મી સપ્ટેમ્બરના રોજ એપલેટ અધિકારી જોડે અપીલમાં ગયેલ હતા પરંતુ હજુ સુધી આજ દિન સુધી પુરતી અને સંતોષકારક માહિતી પ્રાપ્ત થયેલ ન હોવાનો ખુલાસો કરેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આરટીઓ ઓફિસ ખાતે હમણાં સુધી વાહનોના ટેસ્ટ આરટીઓ ઈન્સ્પેક્ટરો જાતે લેતા હતા જેમાં એક પણ વાહન ચાલક ફેઈલ થતો નહોતો પરંતુ દિવાળી પછી કોમ્પ્યુટરાઈઝ્ડ ટ્રેક ઉપર ટેસ્ટ લેવાનું શરૂ કરાતા દસ ટકા વાહનચાલકો ટેસ્ટમાં પાસ થતા નથી. આમ અત્યાર સુધી આ ઈન્સ્પેક્ટરો દ્વારા કેવા ટેસ્ટ લેવાઈ ડ્રાઈવીંગ લાયસન્સ ઈશ્યુ કરાતા હતા તે બાબત તપાસનો વિષય છે.

# ખેડબ્રહ્મા તાલુકાના ગામોના રસ્તાઓ સરકારી બાબુઓ અને કોન્ટ્રાકટરોની મિલી ભગતથી ઉબડ-ખાબડ

## એટીવીટીના કામોમાં ભ્રષ્ટાચારની ગંધ

ખેડબ્રહ્મા, તા. ૧

ખેડબ્રહ્મા તાલુકાના ગામોમાં આર.સી.સી. રોડ બનાવવામાં આવ્યા છે. જે રસ્તાઓ તુટી જવાથી સરકારી બાબુઓ અને કોન્ટ્રાકટરો વચ્ચે મેળાપ હોવાની ચર્ચા તાલુકામાં જોરશોરથી ચર્ચાઈ રહી છે.

ખેડબ્રહ્મા તાલુકામાં આવેલા અંતરિયાળ વિસ્તારના ગામોમાં બનાવેલ આર.સી.સી. રોડ થોડાક જ સમયમાં તૂટી જવા પામ્યા છે. આર.સી.સી. રોડ પર મોટા મોટા ગાબડા પડી ગયા છે. અને રોડ પર ઠેર ઠેર મોટા કપચા ઉઘાડા દેખાઈ રહ્યા છે. જેમાં હલકી ગુણવત્તા વાળી સામગ્રી વાપરવામાં આવી હોવાની ગંધ આવી રહી છે.

સરકારી બાબુઓ અને કોન્ટ્રાકટરોની મિલિ ભગતથી આવા રસ્તાઓનું આયુષ્ય ટૂકું થઈ જાય છે.જેના કારણે નાગરિકોને પરેશાન થવું પડતું હોય છે. કોન્ટ્રાકટરો દ્વારા સરકારી બાબુઓને નિવેધ ચડાવતા હોવાથી કોન્ટ્રાકટરો મનફાવે તેમ કામ કરતા હોય છે.

તાલુકા પંચાયત દ્વારા લાખો



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

રૂપિયાની ગ્રાન્ટ પંચાયતના કામ માટે ફાળવવામાં આવતી હોય છે. જેમાં આવાસો બનાવાય છે અને પાણીના બાર, એટીવીટીના કામો હાલમાં મોટા પાયે ચાલી રહ્યા છે. જેની ગ્રાન્ટમાં પણ બાબુઓનો હક્ક હોય તેમ ભ્રષ્ટાચારની ગંધ આવી રહી છે.

સરકાર દ્વારા ગ્રામીણ ખેડૂતો ગરીબોના આર્થિક વિકાસ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવી રહી છે ત્યારે ખેડબ્રહ્મા તાલુકા પંચાયતની બાંધકામ શાખા જેવી કચેરીઓમાં નર્યો ભ્રષ્ટાચાર જ આચરવામાં આવે છે. જેમાં તંત્ર દ્વારા તપાસ કરાવવામાં આવે તો મોટો ભ્રષ્ટાચાર બહાર લાવી શકાય.

# જિલ્લા પંચાયતના પાંચ કર્મીઓનો વયનિવૃત્ત સમારોહ યોજાયો

હિંમતનગર, તા. ૧

સાબરકાંઠા જિલ્લાપંચાયત કચેરીમાં ફરજ બજાવતા પાંચ કર્મીઓ ૩૦મી નવેમ્બરના રોજ વયનિવૃત્ત થતાં શનિવારે જિલ્લા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં વિદાય સમારોહ યોજાયો હતો. જેમાં વયનિવૃત્ત થતાં કર્મીઓની સેવાઓને બિરદાવવામાં આવી હતી.

આ અંગે જિલ્લા પંચાયત સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લા પંચાયતના જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન એમના અંગત મદદનીશ તરીકે ફરજ બજાવતા નીરંજનકુમાર એન. ત્રિવેદી છેલ્લા સાત વર્ષથી જિલ્લા વિકાસ અધિકારીના અંગત મદદનીશ તથા પાંચ વર્ષ સુધી જિલ્લા પંચાયતના પ્રમુખના પીએ તરીકે ફરજ બજાવી ૩૪ વર્ષની ઉજ્જવળ કારકિર્દી બાદ ૩૦મી નવેમ્બરના રોજ વયનિવૃત્ત થયા હતા. આ ઉપરાંત ભીલોડા તાલુકાના આસી. તાલુકા વિકાસ અધિકારી કે.આર. શાહ, બ્લોક હેલ્થ કચેરી વિજયનગરમાં ફરજ બજાવતા ક્લાર્ક બી.કે. અસોડા, બ્લોક હેલ્થ કચેરી મોડાસામાં ફરજ બજાવતા પી.એલ. પટેલ અને બોલુન્દ્રાના તલાટી કમ મંત્રી જે.પી. ખરાડી વયનિવૃત્ત થતાં શનિવારે જિલ્લા પંચાયતના સભાગૃહમાં તમામ વયનિવૃત્ત થતા કર્મચારીઓનો વયનિવૃત્તી સમારંભ યોજાયો હતો.

જિલ્લા વિકાસ અધિકારીએ નાગરાજન એમ. દ્વારા વયનિવૃત્ત કર્મીઓની સેવાઓને બિરદાવી લાંબા આયુષ્યની પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે નાયબ જિલ્લા વિકાસ અધિકારી વી.વી. પટેલ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી (પંચાયત) જે.કે. જેગોડા, જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનીષ ફેન્સી સહિત મોટી સંખ્યામાં કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને જિલ્લા વિકાસ અધિકારીના અંગત મદદનીશ નિરંજનકુમાર એન. ત્રિવેદી સહિત વયનિવૃત્ત થતા કર્મચારીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે જિગ્નેશ મકવાણાએ સ્વાગત પ્રવચન કરી કર્મચારીઓની કામગીરીને બિરદાવી હતી.

# હિંમતનગરની હરસિદ્ધિ સોસાયટીના નાકેથી બાઈક ચોરાયું

હિંમતનગર, તા. ૧

હિંમતનગરમાં મહાવીરનગર વિસ્તારની હરસિદ્ધિ સોસાયટીના નાકેથી નવેક દિવસ પહેલા કોઈ ગઠીયો રૂ. ૧૦ હજારની કિંમતનું હિરોહોન્ડા મોટર સાયકલ ચોરી છુમંતર થઈ ગયો હતો. વાહનચોરીની ઘટના અંગે શનિવારે હિંમતનગર ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. હિંમતનગર ટાઉન પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર મહાવીરનગરની રામેશ્વર સોસાયટીમાં રહેતા પારસ જગદીશભાઈ પટેલે પોતાનું હિરોહોન્ડા મોટરસાયકલ નં. જીજે-૯-એન. ૬૬૦૪ નવેક દિવસ પહેલા મહાવીરનગરના હરસિદ્ધિ સોસાયટીના નાકે મુક્યું હતું. રૂ. ૧૦ હજારની કિંમતનું મોટરસાયકલ કોઈ ગઠિયો ચોરી છુમંતર થઈ જતાં પારસભાઈ પટેલે પોતાના વાહની ચોરી અંગે શનિવારે હિંમતનગર ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# હિંમતનગર તપોધન બ્રાહ્મણ સમાજનું સ્નેહ મિલન સમારોહ યોજાયો

હિંમતનગર, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરના નવા ગામે આવેલ શાંતિકુંજ રેસેડેન્સી ખાતે રવિવારે હિંમતનગર તપોધન બ્રાહ્મણ સમાજનું સ્નેહ મિલન સમારોહ યોજાયો જેમાં સમાજના ભાઈઓ અને બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી નવા વર્ષ નિમિત્તે એક બીજાને નવા વર્ષની સુભ કામનાઓ આપી હતી.

ઉપરાંત આ સમારોહમાં સમાજના તેજસ્વી તારલાઓને ઈનામ આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના પ્રમુખ મહેન્દ્રભાઈ રાવલે જણાવેલ કે છેલ્લા બે વર્ષ સમાજ દ્વારા સમાજવાડી બનાવવા માટે જમીનની શોધખોળ કરી રહ્યા હતા તે કાર્ય આ વર્ષે પૂર્ણ થયું હતું અને સમાજ દ્વારા શાંતિકુંજ રેસેડેન્સીમાં વાડી બનાવવાની જમીન ખરીદી છે હવે આગામી વર્ષમાં સમાજવાડીનું નિર્માણ કરવાનું કાર્ય હાથ ધરવામાં આવશે. મંત્રી કનુભાઈ રાવલ, ઉપપ્રમુખ પ્રવીણભાઈ રાવલે પણ ઉપસ્થિત સમાજના ભાઈ બહેનોને નવા વર્ષની શુભ કામનાઓ પાઠવી હતી.

# શ્રી ભટ્ટ મેવાડા બાવન જ્ઞાતિ વિદ્વોતેજક સમાજનું સ્નેહમિલન યોજાયું

હિંમતનગર, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરના બગીચા વિસ્તારમાં જૈન દેરાસર પાસે આવેલી શ્રીમતી વિજયાગીરી પુનમલાલ મહેતા ભટ્ટ મેવાડા છાત્રાલય ખાતે રવિવારે શ્રી ભટ્ટ મેવાડા બાવન જ્ઞાતિ વિદ્વોતેજક સમાજનું સ્નેહ સંમેલન યોજાયું હતું. જેમાં સમારંભમાં અતિથી વિશેષ સબટીવી આવતી બાલવીર સીરીટલના મુખ્ય બાળ કલાકાર જે અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના પાલ્લા ગામના દેવ દુષ્યંતકુમાર જોશી (બાલવીર) સહ પરિવાર સાથે ઉપસ્થિત રહ્યો હતો અને સમાજના નાના બાળકોની આકર્ષણ બન્યો હતો.

# ડીસાનાં ધુડીયા કોટ સમશાન ગૃહ પાસેથી મૃત ભ્રૂણ મળતાં ચકચાર

ડીસા, તા. ૧

ડીસા શહેરભાં ભ્રૂણ મળવાના અનેક કિસ્સાઓ બહાર આવે છે. અને તંત્ર દ્વારા કોઈ જ પગલાં લેવામાં




આવતા નથી થોડા માસ અગાઉ ડીસાનાં તેરમીન નાળા વિસ્તારમાંથી મૃત ભ્રૂણ મળ્યાં બાદ ગતરોજ ડીસાનાં ધુડીયાટ સમશાન ગૃહ પાસેથી મૃત ભ્રૂણ મળતાં તાત્કાલિક તેને ડીસાની સિવિલ હોસ્પિટલ ખાતે પી.એમ. અર્થે ખસેડાયું હતું.

સરકાર દ્વારા ભ્રૂણ હત્યાં માટેનાં અનેક કાર્યક્રમો કરવામાં આવે છે તમજ બેટી બચાવનાં બેનરો દ્વારા લોક જાગૃતિનાં અભિયાનો ચલાવતાં હોવા છતાં આવા બનાવોમાં નોંધ પાત્ર વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે આવો જ એક ચોકાવનારો બનાવ ડીસાનાં ધુડીયા કોટ વિસ્તારમાં સમશાન ગૃહ પાસે કોઈ માતાઓ પોતાનું પાપ છુપાવવાં માટે નવજાત બાળકને સમશાન ગૃહની બાજુમાં કચરાનાં ઢગલામાં ફેકી દીધું હતું.

બાદમાં કુતરાઓએ આ મૃત બાળકને સમશાન ગૃહનાં દરવાજા પાસે લઈ આવતાં લોકોએ કુતરાનાં યુગલમાંથી આ ભ્રૂણને બચાવી તાત્કાલિક પોલીસને જાણ કરતાં પોલીસ ઘટના સ્થળે આવી પંચનામું કરી કાર્યવાહી હાથત ધરી હતી. આ વાતની જાણ વાયુવેગે થતાં લોકોના ટોળે ટોળા આ મૃત ભ્રૂણને જોવા ઉમટી પડ્યા હતા. જો કે બાદમાં આ ભ્રૂણને પી.એમ. અર્થે ડીસાની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયું હતું. જો કે સંતાન માટે લોકો પથ્થર જેટલાં દેવ પુજતાં હોય છે. ત્યારે જેને સંતાન હોય છે. તેને કોઈ જ કદર હોતી નથી આવાં કૃત્ય આચરનાર માતા સામે લોકોએ ફિટકાર વરસાવ્યો હતો.

# પ્રાંતિજમાં ઝાડ વચ્ચેથી પસાર થતા વાયરો અકસ્માતો નોંતરે છે : ઝાડનું ટ્રીમીંગ જરૂરી



નેશનલ હાઈવે આઠના એપ્રોચ રોડ પાસે આવેલી હરિઓમ પાર્ક સોસાયટીના દરવાજા પાસે ખુલ્લા અને હવામાં ઝૂલતા ઈલેક્ટ્રીક વાયરોથી નિર્દોષ પક્ષીઓના અસ્તિત્વ સામે ખતરો ઉભો થયો છે. પ્રાંતિજ પાસે આવેલી સોસાયટીના દરવાજાની પાસે ઝાડ પર વિરામ ફરમાવવા અનેક પક્ષીઓ આવે છે. જેમાં ઝાડની પાસેથી પસાર થતા ખુલ્લા વાયરે અડીને જવાથી ઝાડની ડાળીઓ પણ સુકાઈ જવા પામી છે. અને અહિ ઝાડ પર બેસવા આવતા પક્ષીઓ સામે પણ ખતરો ઉભો થયો છે. દિવસે-દિવસે અનેક પક્ષીઓ મોતને ભેટવાની ઘટનાઓ બને છે ત્યારે ખુલ્લા વાયરોને પ્રાંતિજ વિદ્યુત બોર્ડ દ્વારા ઝાડના ડાળા કાપી મરતા પક્ષીઓને બચાવવાની રાવ ઉઠવા પામી છે. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# ચોરીવાડમાં આધેડ પર અંગત અદાવતમાં હુમલો કરી આરોપી ફરાર

હિંમતનગર, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાના ચોરીવાડ ગામની સીમમાં એક ઈસમે એક આધેડ વ્યક્તિ પર લોખંડની ટોમીથી હુમલો કરતા આધેડને પગે ફેક્ચર થવાની વડાલી પોલીસ ફરિયાદ નોંધવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર તા. ૨૬મી નવેમ્બરે બપોરના બે વાગ્યાના સુમારે ચોરીવાડ ગામના ઝાકીરભાઈ સુલેમાનભાઈ મનસુરીએ ચોરીવાડથી વિજયનગરના ત્રણ રસ્તા પાસે ફકીર મહમંદ નૂરભાઈ મનસુરી પર અંગત અદાવતથી બોલાચાલી અને ગાળાગાળી કરી લોખંડની ટોમી વડે હુમલો કરતા ફકીરમહમંદને પગે ફેક્ચર કરી નાસી છુટ્યો હતો. ઈજાગ્રસ્ત ફકીરમહંમદને હિંમતનગરમાં ખાનગી દવાકાને પગનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. બનાવ અંગે વડાલી પોલીસ સ્ટેશને ફરિયાદ કરતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# તંત્રના વાંકે સેવાલીયામાં ગંદકીનું સામ્રાજ્ય

ઉમરેઠ, તા. ૧

નવનિર્મિત ગલતેશ્વર તાલુકાનું મુખ્ય મથક બનવા તરફ પ્રયાણ કરી રહેલ સેવાલીયા વિકાસની તરફ ડગ ભરી રહ્યો છે ત્યારે સેવાલીયાને સાફ સૂથરૂ રાખવાની જવાબદારી જેના શીરે છે તે સેવાલીયા ગ્રામ પંચાયતની ઉદાસીનતાને લીધે સેવાલીયામાં ગંદકીનું પ્રમાણ દિન પ્રતિદિન વધવા પામ્યું છે. સેવાલીયા બજાર રામદેવ મંદિર પાસેથી પસાર થતી ગંદા પાણીના નિકાલ માટે બનાવેલ નીકો સફાઈના અભાવે જામ થઈ જતા ગંદુ પાણી રોડ પર ફેલાય છે. શાકભાજી અને અન્ય ચીજ વસ્તુ ખરીદવા અર્થે આવતી જનતા અને ખાસ કરીને મહિલાઓ તેમજ અભ્યાસ અર્થે જતા વિદ્યાર્થીઓ પણ આ ગંદા પાણીમાંથી પસાર થવું પડે છે. રાધાક્રિષ્ણ મંદિર પાસે ગંદકીના ઢગ થતા હોવાથી મચ્છરોનું ઉત્પાદન થતા પ્રજા પરેશાન થાય છે. જાગૃત નાગરિકો દ્વારા રજૂઆત કરવા છતાંય ગ્રામ પંચાતના સત્તાધીશો આ પ્રત્યે ધ્યાન આપતા નથી. સેવાલીયામાં ગંદકીથી લોકોનું આરોગ્ય જોખમાય તે પહેલા સાફ સફાઈ કરી ગંદકી દૂર કરે તેવી સેવાલીયાની પ્રજાની માંગણી છે.



(તસવીર : સઈદ અહેમદ ચૌહાણ, ઉમરેઠ)

# સોજા ગામે રી-સર્વે કાર્યક્રમ અંતર્ગત સભા યોજવામાં આવી



(તસવીર : કાળુસિંહ રાઠોડ, વિજાપુર)

વિજાપુર, તા. ૧

વિજાપુર તાલુકાના સોજા ગામે રી-સર્વે કાર્યક્રમ અંતર્ગત તાજેતરમાં સોજા દૂધ મંડળીના સભાખંડમાં સભા યોજવામાં આવી હતી.

રાજ્યમાં હાલ જામનગર, પાટણ, બનાસકાંઠા, અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાની રી-સર્વે કામગીરી પૂર્ણ થઈ ગઈ છે અને હાલ મહેસાણા જિલ્લામાં રી-સર્વે કામગીરી ચાલી રહી છે. તે અન્વયે સોજા ગામે જમીન દફતર અધિકારી કે.પી. ગામીતની અધ્યક્ષતામાં યોજવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં હોદ્દેદારો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
AGL Radhe
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન